ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મીનીટ્સ/ ૨૦૨૩/૬૩૦૮

તા:– ૦૩/૦૭/૨૦૨૩

પ્રતિશ્રી,
તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૦૩/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૩/૦૭/૨૦૨૩ સોમવારના રોજ ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મીનીટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૦૩/૦૭/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

## તા.૦૩/૦૭/૨૦૨૩ સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગની મીનીટ્સ નોંધ

આજ રોજ તા.૦૩/૦૭/૨૦૨૩ સોમવારના સવારે૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | — |
| ૬. | **ખાલી**<br>ડીનશ્રી, .............<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | — |
| ૭. | ડૉ. સી. એસ. ઝાલા<br>આચાર્યશ્રી,<br>આર. આર. લાલન કોલેજ,ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>આચાર્યશ્રી,<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાપર | સભ્યશ્રી | ઓન લાઈન હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | પ્રો.(ડૉ) દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૨. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૩. | ડૉ. જી. એમ. બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૧૨/૦૬/૨૦૨૩ અને તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સને બહાલી.

**ઠરાવ:૧ સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવે છે.**

૨. એકેડેમિક કાઉન્સિલની તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સને બહાલી.

**ઠરાવ: ૨ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે તથા આગળની કાર્યવાહિ હાથ ધરવા જણાવવામાં આવે છે.**

૩. ઈતિહાસ વિભાગ, મનોવિજ્ઞાન વિભાગ તથા લો વિભાગમાં હાલ કોઈ કાયમી અધ્યાપકની નિમણૂંક થયેલ નથી તેથી તે વિભાગોનો કાર્યભાર સંભાળવા કાર્યકારી અધ્યક્ષની નિમણૂંક તથા તેમના માનદ વેતન બાબત ચર્ચા

**ઠરાવ: ૩ ઈતિહાસ વિભાગ, મનોવિજ્ઞાન વિભાગ તથા લો વિભાગમાં કોઈ કાયમી અધ્યાપકની નિમણૂંક ન થાય ત્યાં સુધી અનુભવી કાયમી અધ્યાપકશ્રીને કાર્યકારી અધ્યક્ષ તરીકે વહિવટી જવાબદારી સોંપીએ તથા તેઓશ્રીને માનદ વેતન રૂા. ૫૦૦૦/– નક્કી કરવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. રી–એસેસમેન્ટ કરાવેલ ઉત્તરવહિઓ આર.ટી.આઈ.માં દેવી કે નહિ તે બાબતે ચર્ચા

**એજન્ડા રદ કરવામાં આવે છે.**

૫. એક્સ્ટ્રામ્યુરલ બોર્ડ તથા હોસ્ટેલ મેનેજમેન્ટ બોર્ડમાં એકિઝકયુટીવ કાઉન્સિલ દ્વારા સભ્યશ્રીઓની નિયુકિત/ નોમિનેશન

**ઠરાવ: ૪** **સર્વાનુમતે નીચે મુજબના સભ્યશ્રીઓની નિયુકિત કરવામાં આવે છે.**

**એક્સ્ટ્રામ્યુરલ બોર્ડ**

**૧. ડૉ. દર્શનાબેન ધોળકિયા**
**૨. ડૉ. ગીરીન બક્ષી**
**૩. ડૉ. જે. એમ. પટેલ**
**૪. ડૉ. કાશ્મીરાબેન મહેતા**
**૫. ડૉ. હિનાબેન ગંગર**

**હોસ્ટેલ મેનેજમેન્ટ બોર્ડ**

| | | | |
|---|---|---|---|
| **૧. આચાર્યશ્રી તરીકે** | – | | **ડૉ. પરેશ રાવલ** |
| **૨. આચાર્યશ્રી તરીકે(હોસ્ટેલ)** | – | | **ડૉ. સી. એસ. ઝાલા** |
| | | | **ડૉ. અંબીકા એમ.** |
| **૩. વોર્ડન તરીકે** | – | | **રેખાબેન સોની** |
| | | | **શીલ્પા સુપેકર** |
| **૪. વિદ્યાર્થી તરીકે–** | | **૧.** | **ગેયલ યોગેશ** |
| | | **૨.** | **યોગીરાજસિંહ સુખુભા ઝાલા** |
| | | **૩.** | **પરમાર કિ્ષ્ના** |
| **૫.વોર્ડન** | – | **૧.** | **કમળાબેન મારવાડા** |
| | | **૨.** | **અરવિંદભાઈ વાળા** |

૬. ડાયરેકટર ઓફ સ્પોર્ટ્સ કો–ઓર્ડિનેટર નિમવા તથા તેના માનદ વેતન નકકી કરવા બાબત.

**ઠરાવ: ૫** **કોલેજના માન્ય પી.ટી.આઈ.ને જવાબદારી સોંપીએ. તા. ૭/૫/૨૦૨૨ ની એકિઝકયુટીવ કાઉન્સિલના ઠરાવ નં. ૧૮ માં ડાયરેકટર ઓફ સ્પોર્ટ્સના માનદ વેતનમાં સુધારો કરી માનદ વેતન રૂા.૫૦૦૦/– કરીએ. રેકટરના માનદ વેતન યથાવત રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૭. વોર્ડન (બોયઝ હોસ્ટેલ) ની એક જગ્યા કરાર આધારિત ભરવા અને તેનો પગાર નકકી કરવા બાબત ચર્ચા..

**ઠરાવ: ૬** **૧૧ માસ માટે કરાર આધારિત બ્યોઝ હોસ્ટેલ માટે એક વોર્ડનની નિમણૂંક કરીએ અને રૂા.૧૫૦૦૦/– ફીક્ષ વેતન સાથે જાહેરાત આપી ભરતી કરીએ.**

૮. બી.એ. સેમ–૨ ના અંગ્રેજી વિષયના પેપરમાં રહી જવા પામેલ ક્ષતિના સંદર્ભમાં રચાયેલ તપાસ સમિતિના અહેવાલ બાબતે ..

**ઠરાવ :૭** તા.૧૪/૬/૨૦૨૩ના રોજ બી.એ. સેમેસ્ટર–૨નું પરિણામમાં નિયમોનુસાર ગ્રેસીંગની કાર્યવાહી હેતુ ડીનશ્રીને મોકલવામાં આવેલ એ સમયે પરીક્ષા નિયામકશ્રી સાથે ટેલિફોનિક વાત થયા અનુસાર પરીક્ષા નિયામકશ્રીએ ક્ષતિ હોવાનુ જણાવેલ. ડીનશ્રીએ આ બાબતે તેમના તા.૧૫/૬/૨૦૨૩ના ઈ–મેલથી પરિણામમાં ક્ષતિ હોવાના કારણે પરિણામ જાહેર કરવાની ના પાડેલ અને આધાર–પૂરાવાઓ મળ્યા બાદ આ પરિણામ જાહેર કરવા આપીશ એવુ જણાવેલ.

ત્યાર બાદ ડીનશ્રીએ તા.૧૯/૬/૨૦૨૩ના રોજ તેમના પત્ર ક્રમાંકઃ ૭૬૧ થી પરીક્ષા નિયામકશ્રી પાસે આ બાબતે પેપર સેટર, ચેરમેન, પ્રિન્ટીગ પ્રેસ, તપાસનાર પરીક્ષકશ્રીની યાદી વગેરે તમામ વિગતો માંગવામાં આવેલ. જેના પ્રતિઉત્તરમાં પરીક્ષા નિયામકશ્રીએ તેમના તા.૨૩/૬/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ ૭૧૧ થી તમામ દસ્તાવેજો રજૂ કરેલ. ત્યાર બાદ ડીનશ્રીએ તા.૨૪/૬/૨૦૨૩ ના પત્ર ક્રમાંકઃ ૭૬૫ થી આધારા–પૂરાવાઓ તપાસતા તેઓશ્રીને તેમા પ્રિન્ટીગ, પેપર સેટ, ચેરમેન, માર્કસ, પેપર તપાસણીમાં ભૂલો દેખાય છે તેવુ જણાવેલ છે. ડીનશ્રીએ તેમના તા.૨૬/૬/૨૦૨૩ના ઈ–મેઈલથી પરીક્ષક તથા પેપરની વિગતો માંગેલ. ડીનશ્રીની માંગણી અનુસાર પરીક્ષા નિયામકશ્રીએ તા.૨૭/૬/૨૦૨૩થી તેમને જરૂરી દસ્તાવેજો પૂરા પાડેલ.

તા.૨૮/૬/૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ૭૪૭ થી ડીનશ્રીને આ અનુસંધાને પત્ર લખેલ પરંતુ ડીનશ્રી મારફતે વધારે સ્પષ્ટતા માંગતા પરીક્ષા નિયામકશ્રી દ્વારા તે જ દિવસે પત્ર ક્રમાંકઃ ૭૪૮ થી બી.એ.–સેમેસ્ટર–૨ના પેપર નં CCEN-202 માં જણાઈ આવેલી પ્રિન્ટીગ ભૂલ, પેપર સેટર તથા ચેરમેનની પ્રશ્ન નં. ૩(અ) માં કુલ માર્કસના સંદર્ભમાં ૫ માર્કર્સના બદલે ૧૦ માર્કર્સ છપાયેલ અને તે મુજબ પરીક્ષકો દ્વારા પેપર તપાસવામાં આવેલ હતા જેથી ફરી તે પેપરની ચકાસણી કરવા માટે પરીક્ષા નિયામકશ્રી દ્વારા ઉપરોક્ત પેપરનું જે–તે અધ્યાપકશ્રી દ્વારા પરીક્ષણ કરવામાં આવેલ છે તેઓને લેખિત આદેશ કરી સંબંધિત પેપરોનું ફરી ૭૦/૧૦૦ માંથી મૂલ્યાંકન કરવા જણાવેલ અને તે મુજબ દરેક ઉત્તરવહી ઉપર પરીક્ષકની સહી કરેલ છે જેની ખાતરી કરવામાં આવેલ છે અને તેના આધારે આ પરિણામ બાબતે ભવિષ્યમાં કોઈ ટેકનિકલ પ્રશ્ન ઉભો થશે તો તેની જવાબદારી પરીક્ષા નિયામકશ્રીની રહેશે તેવું સ્પષ્ટ જણાવેલ અને તેની લેખિત જાણ ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટીને કરવામાં આવેલ છે. તેમ છતાં ડીનશ્રી ઉકત પરિણામ જાહેર કરવા સંમત થયેલ ન હતા.

ડીનશ્રીએ તા.૩૦/૬/૨૦૨૩પત્ર ક્રમાંક : ૭૭૦થી માનનીય કુલપતિશ્રીને બી.એ.–સેમેસ્ટર–૨ અંગ્રેજી પેપર CCEN-202 બાબતે પત્ર લખેલ જેમાં ડીનશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, આ પેપરમાં ગંભીર ક્ષતિઓ હોવાથી હું પરિણામ અંગેની કોઈ પણ જવાબદારી લેવા તૈયાર નથી અને માનનીય કુલપતિશ્રીને પરિણામ જાહેર કરવાની ભલામણ કરેલ હતી.

આ અનુસંધાને માનનીય કુલપતિશ્રી દ્વારા ૩૦/૬/૨૦૨૩ના રોજ તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ સાથે ટેલિફોનીક પરામર્શ કરી અને મંજૂરી લઈ આ બાબતે વાસ્તવિક પરિસ્થિતિનું તથ્ય ચકાસવા માટે નીચેના સભ્યશ્રીઓની તપાસ સમિતિની રચના કરવાનું નકકી કરવામાં આવ્યુ.

| | | |
|---|---|---|
| ૧. | ર્ડા. કાશ્મીરાબેન મહેતા | – અધ્યક્ષશ્રી |
| ૨. | ર્ડા. ઉષાબેન ભટ્ટ | – સભ્યશ્રી |
| ૩. | ર્ડા. અમીન સમા | – સભ્યશ્રી |

તપાસ સમિતિના સભ્યશ્રીઓને આ સંદર્ભે યોગ્ય તપાસ કરી સમિતિનો અહેવાલ બંધ કવરમાં એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવા જણાવેલ. જે સંદર્ભે તા.૩/૭/૨૦૨૩ના રોજ ૧૧:૩૦ કલાકે એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગ બોલાવવામાં આવેલ જેમાં ઉપરોક્ત સમિતિનો અહેવાલ એકિઝકયુટીવ કાઉન્સિલને સોંપવામાં આવેલ અને સમિતિના અધ્યક્ષશ્રીએ આ અહેવાલનું

વાંચન કરેલ. અહેવાલ મુજબ સમિતિના સૂચન નં.૧ અનુસાર માર્ચ– એપ્રિલ–૨૦૨૩માં લેવાયેલ બી.એ.–સેમેસ્ટર–૨ના પેપર નં CCEN-202 નું મુલ્યાંકન યોગ્ય છે. જેને આગળની કાર્યવાહિ માટે મુકવા જણાવેલ છે. આ બાબતે એકિઝકયુટીવ કાઉન્સિલ દ્વારા ચાલુ મિટીગ દરમ્યાન ડીનશ્રી સાથે ચર્ચા–વિચારણા કરવા માટે મેમ્બર સેક્રેટરી દ્વારા ડીનશ્રીને ટેલિફોનીક જાણ કરી બોલાવવામાં આવેલ પરંતુ તેઓશ્રીએ મિટીગમાં આવવાની અસહમતી દર્શાવેલ. ત્યાર બાદ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ તરીકે ર્ડા.સી.એસ. ઝાલા અને ર્ડા. દર્શનાબેન ધોળકિયા દ્વારા પણ ડીનશ્રીને ફોન કરી ઉપસ્થિત રહેવા જણાવેલ તો પણ ડીનશ્રીએ ઉપસ્થિત રહેવા અસહમતી દર્શાવેલ. અંતમાં ર્ડા. પરેશ રાવલ દ્વારા ફોન કરતાં ડીનશ્રીએ એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ રૂબરૂ હાજર થવા માટે લેખિત આદેશ કરવામાં આવે તો તેમણે હાજર રહીશ તેમ જણાવેલ. માનનીય કુલસચિવશ્રી દ્વારા તેમની માંગણી અનુસાર રૂબરૂ હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ અને ત્યાર બાદ ડીનશ્રી રૂબરૂ હાજર થયેલ. તેઓને તા.૦૧/૭/૨૦૨૩ નો તપાસ સમિતિનો અહેવાલ તપાસ સમિતિના અધ્યક્ષશ્રી દ્વારા વાંચી સંભળાવવામાં આવેલ અને એકિઝકયુટીવ કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થી હિતમાં ગ્રેસીગ તથા પરિણામ જાહેર કરવા માટે આગળની કાર્યવાહી કરવા મૌખિક રીતે ડીનશ્રીને સમજાવવામાં આવેલ. આમ છતાં ડીનશ્રી આર્ટસ ફેકલ્ટી દ્વારા ઉપરોકત પરિણામમાં પોતે કંઈ કહેવા માંગતા નથી તેમજ કઈ ફેરફાર કરવા માંગતા નથી તેમજ આ અંગે કોઈ જવાબદારી પોતાના શિરે રહેતી નથી તેવું જણાવી પોતાના પત્ર તા.૩૦/૬/૨૦૨૩ને તેઓ વળગી રહેલ અને તે અંગેની આગળની કાર્યવાહિ હું નહિ કરૂ તમે ઈચ્છો તો કરી શકશો એવું જણાવેલ છે.

વિશેષમાં એકેડેમિક કાઉન્સિલની તા.૧૯/૯/૨૦૧૬ના ઠરાવ નં.૧૨ મુજબ ડીનશ્રીને પરિણામ પ્રસિદ્ધ કર્યા પહેલાની સ્થિતિ અને પરિણામની આંકડાકિય માહિતીના આધારે ગ્રેસ માર્કસ આપવાની સત્તા ડીનશ્રીને સોંપવામાં આવેલ હતી. પરંતુ આ બાબતમાં ડીનશ્રી દ્વારા પ્રશ્ન પેપર, માળખું, માર્કીગ સિસ્ટમ, ચેરમેનશ્રી, પરીક્ષક, પેપરની કુલ સંખ્યા વગેરે જેવી વધારાની માહિતીની માંગણી કરવામાં આવેલ છે. જે ઠરાવ અનુસાર જોગવાઈ ન હોવા છતાં પણ આવી માહિતીની સતત માંગણી ડીનશ્રીએ કરેલ છે. જે સંપૂર્ણ રીતે તમામ આધારો સાથે પરીપૂર્ણ કરવા છતાં સમગ્ર પરિણામમાં ગ્રેસીગ કરવાની કે કોઈ અન્ય જવાબદારી લેવાની લેખિત અને એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ મૌખિકમાં ડીનશ્રીએ ના કહેલ છે. જેના કારણે પરિણામ જાહેર કરવામાં વિલંબ થયેલ છે.

ભવિષ્યમાં જો પરિણામ પ્રસિદ્ધ કરવા અંગે જો કોઈ વિસંગતતા ઉભી થાય તો પરિણામ પ્રસિદ્ધ કરવા માટે અગાઉ નિયત કરેલ એકેડેમિક કાઉન્સિલના તા.૧૯/૯/૨૦૧૬ ના ઠરાવ નં.૧૨ માં ડીનશ્રીને આપવામાં આવેલ સત્તઓ બાબતે જરૂરી સુધારા કરવા માટે એકેડેમિક કાઉન્સિલ સમક્ષ ફેર વિચારણા માટે રજૂ કરવામાં આવે.

**ઉપરોકત જણાવેલ તમામ બાબતોને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓના વિશાળ હિતને ખાતર ડીન દ્વારા કરવામાં આવતાં ગ્રેસ (કૃપા ગુણ) વગર માર્ચ–એપ્રિલ–૨૦૨૩માં લેવાયેલ બી.એ. સેમેસ્ટર–૨ નું પરિણામ જાહેર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૯. તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર – કચ્છ ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી કચેરી,ગાંધીનગરથી અધ્યાપકોની ભરતી કરવા મળેલ એન.ઓ.સી. મુજબ ડૉ. સ્વાતી જીતેન ઠકકરની નિમણૂંક કરવામાં આવેલ હતી. તેઓએ અત્રેથી પી.જી. માન્યતા મેળવવા અરજી કરેલ છે પરંતુ કચ્છ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૦.૧૧૪.૧ તા.૦૨/૦૮/૨૦૨૧ના થયેલા સુધારાના નિયમો અન્વયે

નિયમ નં. ૪ મુજબ અનુસ્નાતક પદવી દ્વિતીય વર્ગ સાથે ×નેટ/સેટ × પીએચ.ડી. ધરાવનાર માટે ૦૪ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ હોવો જરૂરી છે. જયારે અધ્યાપકશ્રીને તોલાણી નો માત્ર ૦૩ મહિનાનો શૈક્ષણિક કાર્યનો અનુભવ છે જયારે ૦૫ વર્ષનો સી.એ. તરીકેની પ્રકટીસનો અનુભવ છે. જે ઉપરોકત ઓર્ડિન્સમાં થયેલ સુધારા મુજબ માન્ય ગણવો કે નહી? અને અધ્યાપક ને પી.જી. માન્યતા આપવી કે નહી? તે અંગે

**ઠરાવ: ૮** **ઉક્ત મુદ્દો એકેડેમિક કાઉન્સિલ નો હોઈ આ મુદ્દો એકેડેમિક કાઉન્સિલમાં મુકવા જણાવવામાં આવે છે.**

૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩– ૨૪ માટે નીચે મુજબ સંસ્થા માટે ઈ.સી.ની મંજૂરીની અપેક્ષા એ સરકારશ્રીમાં કરવામાં આવેલ દરખાસ્ત બહાલ રાખવા અંગે.

**(શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૪ નીચે દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમો શરૂ કરવા અંગે સરકારશ્રીમાંથી સૈધ્યાંતિક પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે જે મેળવવા દરખાસ્ત કરવા અંગેની મંજૂરી એકઝીકયુટીવ કાઉન્સીલ દ્વારા મેળવવાની રહે છે. માન. વી.સી.શ્રીના મળેલ આદેશ મુજબ એકઝીકયુટીવકાઉન્સીલ દ્વારા નીચે મુજબ કોલેજને બહાલ રાખવામાં આવશે તે અપેક્ષાએ સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી.)**

| **ક્રમ** | **ટ્રસ્ટ / સંસ્થાનું નામ** | **અભ્યાસક્રમ** | **જોડાણ અરજીની પ્રકાર** | **રીમાર્કસ** |
|---|---|---|---|---|
| ૧. | શ્રી કચ્છ પાટણ પ્રાથરીયા આહિર સમાજ,રાતાતળાવ,અંજાર–કચ્છ સંચાલિત **શ્રી ગોવર્ધન આહિર મહિલા કોલેજ**,રાતાતળાવ,તા. –અંજાર – કચ્છ | બી.એ. અને બી.કોમ. (માત્ર મહિલાઓ માટે) | નવું જોડાણ | |

**ઠરાવ: ૯** **ઉક્ત દરખાસ્તને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૧. કચ્છ યુનિવર્સિટી ખાતે સખી મંડળની બહેનોને કેન્ટીન ૬ માસ માટે તા.૨/૧/૨૦૨૩ વાળી નોંધ પર મળેલ મજૂરીથી કોઈ પણ પ્રકારનો ચાર્જ– નિભાવ ખર્ચ લીધાવીના ચલાવવા આપેલ જે ૬ માસની તેમના વર્કઓર્ડરની મુદ્દત જૂલાઈ–૨૦૨૩માં પૂર્ણ થાય છે. તો હવે પછીથી કેન્ટીન ચલાવવા માટે મકાન નિભાવખર્ચ અથવા અન્ય ચાર્જ લેવા બાબતે ચર્ચા–વિચારણા

**ઠરાવ:૧૦** **રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મીશન અંતર્ગત સ્વ સહાય જુથના બહેનોને કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પૌષ્ટીક આહાર મળી રહે વળી ગ્રામ્ય વિસ્તારના સખી મંડળની મહિલાઓનું સશકતીકરણ થાય તે હેતુથી અને મહિલા સ્વ સહાય જુથોને કૌશલ્ય તાલિમ દ્વારા આજીવિકા મળી રહે એવા ઉમદા હેતુથી આ વર્ક ઓર્ડર (અગાઉના નંબર લખવા)એક વર્ષ માટે રીન્યુ કરીએ છીએ અને નિભાવ ખર્ચ બાદ કરવામાં આવે છે. ડિપોઝીટ પેટે રૂા. ૫,૦૦૦/– લઈએ. લાઈટબીલ પેટે જે ખરેખર વપરાશ છે તે વસુલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. NEP- ૨૦૨૦ અનુસારના મંજૂર થયેલ અભ્યાસક્રમોના અમલીકરણ તથા વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા બાબત.

**ઠરાવ:૧૧** **નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે મંજૂર થયેલ અભ્યાસક્રમો વેબસાઈટ પર મુકવા તથા આ બાબતે જાગૃતિ કેળવવા તથા વહિવટી પ્રશ્નોના નિરાકરણ માટે ડીનશ્રી, આચાર્યશ્રીઓ તથા એક એક્ષપર્ટશ્રીને નિમંત્રણ આપી ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૨. સેલ્ફ ફાઈનાન્સ ધોરણે ચાલતા અભ્યાસક્રમોમાં નિમવાના થતાં અધ્યાપકોના તથા તેઓના નિભાવ ખર્ચ બાબત ચર્ચા–વિચારણા

**ઠરાવ:૧૨** **સેલ્ફ ફાઈનાન્સ ધોરણે ચાલતા અભ્યાસક્રમોમાં અધ્યયન કાર્ય માટે ૧૧ માસના કરાર આધારિત અધ્યાપકોને નિમવાના થાય તો તેઓનો નિભાવ ખર્ચ જે–તે સંબંધિત વિભાગની આવકમાંથી પાડવાનો રહેશે એવુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૩. શ્રમ આયુકતની કચેરી પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૬/ટે.૩/ ૧૯૯/ ૨૦૨૩ તા.૦૧/૦૪/૨૦૨૩ તથા પરિપત્ર ક્રમાંક: શ્ર.આ.૬/ ટે.૩/ ૨૭૭/ ૨૦૨૩ તા.૨૪/૦૪/૨૦૨૩ની અમલવારી બાબતે ચર્ચા–વિચારણા

**ઠરાવ:૧૩** **રોજમદાર તરીકે કામ કરતાં કર્મચારીઓને શ્રમ આયુક્તની કચેરી પરિપત્ર અનુસાર ન્યુનત્તમ વેતન જૂલાઈ–૨૦૨૩ થી ચૂકવવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**

**નકલ રવાના જાણ અર્થે:–**

૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ